Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-2, Issue-7, Continuous Issue-13, May - June 2022

# "વેવિશાળ" નવલકથામાં સમાજ નિરૂપણ

રાષ્ટ્રીય કવિનું બિરુદ પામેલા ઝવેરચંદ કાલિદાસ મેઘાણી ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે લોકકંઠના કવિ, લોક સાહિત્યકાર, નવલકથાકાર, વાર્તાકાર તરીકે સારી એવી ખ્યાતિ પામ્યા છે. મેઘાણી 'રાષ્ટ્રીય શાયર' તો કહેવાયા સાથે સાથે સમાજસુધારક અને સ્વાતંત્ર્ય સેનાની તરીકે પણ ઓળખાય છે.

ઝવેરચંદ મેઘાણી રચિત 'વેવિશાળ' નવલકથા ઇ.સ.૧૯૩૮ પ્રગટ થયેલી તે પહેલા દર મંગળવારે ફૂલછાબમાં હપ્તાવાર શરૂ થયેલી. આ કથાની પ્રસ્તાવનામાં લેખક લખે છે કે "આ વાર્તાના ઘડતરમાં 'ફૂલછાબ'ના વાચકોના 'ઝાઝા ને રળિયામણા હાથ' કામે લાગ્યા હતા. આ નવલકથાને આંતરરાષ્ટ્રીય સન્માન પણ પ્રાપ્ત થયું છે. કુલ ૩૯ પ્રકરણ અને ૨૧૬ પાનામાં આ નવલકથા લખાયેલી છે. વેવિશાળ' સામાજિક વિષયવસ્તુને નિરૂપતી લોકપ્રિય નવલકથા છે. સૌરાષ્ટની એક પ્રથા છે વર્ષો પહેલા ગામડાના રીતરિવાજ પ્રમાણે છોકરી કે છોકરા લગ્ન પહેલા સગાઇ કરવામાં આવતી. આ પ્રથા સમય જતા બંને પક્ષે કેવી ગંભીર સમસ્યા ઊભી કરે છે તેનું જીવંત નિરૂપણ આ નવલકથામાં કરવામાં આવેલું છે.

આ નવલકથાનો આરંભ 'સાસરિયાની ધમકી' થી અને 'મારી લાડકી' પ્રકરણથી અંત આવે છે. આ નવલકથાની કથાવસ્તુ જોઇએ તો 'વેવિશાળ' એટલે લગ્ન પહેલા થયેલી સગાઇ. અહીં વેવિશાળ નક્કી થયા પછી સર્જાતી સમસ્યાની વાત નિરૂપાય છે. ચંપકલાલ શેઠ અને દીપા શેઠ એવા બે વણિક પરિવારની કથા છે. સુશીલા અને સુખલાલ બન્નેનો પરિવાર સોરાષ્ટ્રના નાનકડા ગામડામાં વસતા અને બંને પરિવારની આર્થિક પરિસ્થિતિ ઘણી સારી હતી. તેમના સંબંધો પણ ઘણા સારા હતા જેને કારણે ચંપક શેઠના નાના ભાઇની દીકરી સુશીલા અને સુખલાલના બાળપણમાં વેવિશાળ થયેલુ. ચંપક શેઠ ધંધાર્થે મુંબઇ જઇ સ્થિર થાય છે જયારે દીપા શેઠ પત્નીની માંદગીના કારણે પોતાનું વતન છોડી શક્યા નહી. ચંપક શેઠનો મુંબઇમાં ધંધો જામ્યો, આર્થિક સ્થિતિ સુધરી પરિણામે નાના શેઠની દીકરીને ભણાવી ગણાવી શહેરી સંસ્કારો અને રીતભાત શિખવાડ્યા. સુશીલાનું મૂળ નામ સંતોકડી પણ મુંબઇ આવતા સુશીલા નામ આપી દેવામા આવે છે. પરંતુ, નામ બદલવાથી એના સંસ્કારો બદલાય જતા નથી. શહેરમાં ભણીગણીને સુશિક્ષિત બનેલી સુશીલાને ચંપક શેઠ ગામડામાં ન પરણાવવાની મનમાં ગાંઠ બાંધે છે અને સુશીલાનું સુખલાલ સાથે થયેલું વેવિશાળ તોડી નાખવાની મથામણ કરે છે. સુશીલાને વિજયચંદ્ર સાથે પરણાવવાની યોજના ઘડે છે ત્યારે સુશીલા, સુખલાલ, ભાભુ અને ખુશાલ ભેગા મળી આ યોજનાને નિષ્ફળ બનાવે છે. આ કૃતિની મુખ્ય ઘટના એ છે કે ચંપક શેઠ સુશીલાનો વેવિશાળ તોડવા મથે છે. પરંતુ, ચંપક શેઠની પત્ની ભાભુ, ખુશાલના અથાગ પ્રયત્નોથી આ સગપણ તૂટતું અટકે છે.

આ નવલકથાના પાત્રો જોઇએ તો મુખ્ય નાયિકા સુશીલા જેનું મૂળ નામ સંતોકડી છે. સુશીલામાં નામ પ્રમાણેના ગુણો સ્વભાવે નાજુક, નમણી અને સંસ્કારી. કથાનાયક સુખલાલ તદ્દન માયકાંગલો, કદરૂપો, રેઢિયાળ ઢોર જેવો બાવીસ વર્ષનો થોરવાડ ગામનો યુવાન. સુખલાલના પરિવારમાં માતા-પિતા અને બહેન. સુશીલાના કુંટુંબમાં નાના શેઠ, ચંપક શેઠ અને તેની પત્ની ભાભુ જે સ્વભાવે માયાળુ, વ્યવહારુ અને સંતાન વિહોણા છે. સુશીલાના પિતા નાના શેઠને પત્ની કરતા

ભાભી સાથે વધારે જામે. આ ઉપરાંત વિજયચંદ્ર, નર્સ લીના જે હોસ્પિટલમાં દાખલ થયેલા સુખલાલની પોતાના પરિવારનું કોઇ સદસ્ય હોય તેવી રીતે કાળજી રાખે છે. ખુશાલ સુખલાલનો મામાનો દીકરો છે. આ નવલકથા વાંચતા પાત્રો આપણને પોતાના સ્વજન હોય એવી અનુભૂતિ થાય છે.

આ નવલકથામાં ગામડાના લોકોની શહેર તરફની દોટ જોવા મળે છે. થોરવાડના વણિક શેઠો, શાહુકારો, મહાજનો ધીમે ધીમે ધંધાર્થે મુંબઇ જેવા મહાનગરમાં જઇ વસે છે. ત્યાં જઇ પોતાના મૂળ સંસ્કાર અને સંબંધને ભુલી જાય છે. શહેર તરફનો મોહ વધતા ગામડાઓ ધીમે-ધીમે ભાંગી રહયા છે. ગામડાનો માણસ શહેરમાં વસતા પોતાના આદર્શોને ભુલી જાય છે. તે વાત અહીં નિરૂપાય છે.

આ નવલકથામાં વર્ષો પહેલા ચાલતી બાળલગ્ન પ્રથા જે આપણા સમાજનું એક દૂષણ, કુપ્રથા, કુરિવાજ હતો. સુશીલા નાની વયની છે. આ કાચી વયને આ નવલકથામાં સુંદર રીતે વર્ણવવામાં આવી છે. પ્રાણજીવન કેરી ધોતા ધોતા સુખલાલને જણાવે છે કે "અરે ભાઇ ! આ કેરી તો સુશીલાબહેને પાસ કરી છે. સારામાં સારી તો એમણે પાસ કરેલી નીવડી. સુશીલાબહેનની કેરીની પરખ કોણ જાણે કુદરતી જ છે હો.એ કાંઇ શીખવી થોડી શીખાય છે.?"(પૃ.૧૧) આ કેરીના ઉદાહરણ દ્વારા કન્યાની ઉંમર દર્શાવાય છે. વેવિશાળ થયાના ઘણા વર્ષો પછી મંબઇ આવેલા સુખલાલના માથે મોટા શેઠ કામનું ભારણ નાખે છે. સુશીલા મુંબઇ જેવા શહેરમાં રહી સારું શિક્ષણ મેળવે છે જ્યારે સુખલાલ અભણ ગામડિયો રહેશે એવી ઇર્ષ્યા મોટા શેઠને થાય છે આવી સંસ્કારી દીકરી સુખલાલને શી રીતે અપાય એ વિચારે વેવિશાળ ફોક કરવા અવનવા નુસખા અપનાવે છે. સુખલાલને ગામડે પત્ર લખે છે. સુખલાલ પોતાનો પરિવાર છોડીને મુંબઇ આવવા માટે આનાકાની કરે છે ત્યારે સુખલાલને એની પથારીવશ થયેલી મા જણાવે છે કે "બીજુ તો કાંઇ નહીં ભાઇ વખત છે ને... મોટા આબરૂદાર છે...એટલે... મન ઊઠી જાય... તો.. વેવિશાળ ફોક કરે માડી! ને આવું થાય તો અમારું જીવ્યું ઝેર થઇ જાય."(પૃ.૨) સમાજના ડરે માતા પિતા સુખલાલને મુંબઇ મોકલાવે છે. સુખલાલના મનની મુંઝવણ એ છે કે પોતે શિક્ષણથી વંચિત હોવાના કારણે એ માને છે કે "સંતોકડીમાંથી સુશીલા બની ચુકેલી કન્યા મારી લાયકાતનું રોજેરોજ માપ લીધા જ કરશે, મારે તો સતત એને લાયક બનવા માટે જ મહેનત કરવી રહેશે. ને હું મૂંઝાઇ જઇશ." (પૃ.૩)

વેવિશાળ થયાના ઘણા વર્ષો પછી મોટા શેઠના ધમકી ભર્યો પત્રથી તેમજ માતાપિતાના કહેવાથી મંબઇ આવેલા સુખલાલના માથે કામનું ભારણ નાખે છે. વધુ પડતા કામના બોજને કારણે સુખલાલ હોસ્પિટલમાં દાખલ થાય છે. એ જ હોસ્પિટલમાં કામ કરતી લીના નામની નર્સ ખ્રિસ્તી ધર્મની છે, જેનો પતિ મૃત્યુ પામ્યો છે, પુત્ર પણ પુખ્ત વયે મરણને શરણ થયો છે. એ લીનાને આ સુખલાલમાં પોતાના પુત્રનું દર્શન થાય છે. હોસ્પિટલમાં સુખલાલની સેવાચાકરી કરે છે. એકવાર સુશીલા હોસ્પિટલમાં સુખલાલની ખબર લેવા આવે છે. બીજીવાર સુશીલા ભાભુને લઇને હોસ્પિટલ પહોંચે છે ત્યારે સુખલાલને રજા આપી દેવાય છે, એ ક્યાં છે તેની કોઇને ખબર નથી. સુખલાલનો મામાનો દીકરો વાસણ વેપાર અર્થે મુંબઇમાં સ્થિર થયો છે. ખુશાલ મુંબઇની રહેણીકરણી, અહીંના લોકોના વ્યવહારથી પરિચિત છે. ખુશાલ સુખલાલ અને તેના પિતાને એના ઘરે લઇ જાય છે. ખુશાલ આખા બોલો છે પણ સત્યપ્રિય છે, વ્યવહારકુશળ છે. કોની સાથે કેવો વ્યવહાર કરવો એ સારી રીતે જાણ છે. ચંપક શેઠ સુખલાલના પિતા દીપા શેઠને ડરાવી ધમકાવીને બનાવટી તબીબી પ્રમાણપત્રો બનાવી સુખલાલ નંપુસક છે એવું સાબિત કરે છે. સુખલાલ જ્યારે મુંબઇ આવે છે ત્યારે માયકાંગલો, ડરપોક ક્ષોભ પામતો જોવા મળે છે. ખુશાલ સાથે રહેતા સુખલાલનું પાત્ર કઇ અલગ જ ભાત પાડતું તરી આવે છે.

ચંપક શેઠના કહેવાથી દીપા શેઠ મુંબઇ આવે છે. ગામઠી સંસ્કાર ધરાવતા દીપા શેઠના વ્યવહારને મુંબઇમાં રહેતી સુશીલા ઓળખી લે છે. બેસવાના પાટલા પર ભોજનની થાળી મૂકે છે. અન્નનો અનાદર કરે છે. અન્ન બ્રહ્મ છે એ ભારતીય પરંપરા છે. શહેરી સંસ્કારો ધરાવતો ચંપક શેઠ આ બધી બાબતોને ભૂલી જાય છે.

મુંબઇ આવેલા સુખલાલ ત્રણેક મહિના પછી સુશીલાને મળે છે. બીજીબાજુ  વિજયચંદ્ર ચંપક શેઠને મળવા માટે આવે છે. ચંપક શેઠને સંસ્કારનો નહીં પરંતુ દેખાવનો મોહ છે. વિજયચંદ્ર યુનિવર્સિટી  શિક્ષણ પામેલો, ભણેલો ગણેલો ગેજ્યુએટ છોકરો છે એની પહેરવા, ઓઢવા અને બોલવાની રીત પરથી શિસ્ત,સંસ્કારી હોય તેવો દેખાય છે.  વિજયચંદ્રના વ્યક્તિત્વથી પ્રભાવિત થયેલા ચંપક શેઠ મનમાં ગાંઠ વાળી દે છે કે એ મારી સુશીલા માટે આ છોકરો યોગ્ય છે. એની સાથે પરણાવવા માટે તૈયાર થાય છે. વિજયચંદ્ર હોશિયાર છે તે સારા ઘરની દીકરીને લગ્નની લાલચ આપી એની માયાજાળમાં ફસાવે છે. ચંપક શેઠના પત્ની ભાભુને વિજયચંદ્ર પસંદ નથી. પૈસાથી અને શહેરના વાતાવરણથી અંજાય ગયેલા ચંપક શેઠ એવું માને છે કે સુખલાલ અને એના પિતા ગામડિયા છે માટે  સુશીલાને ગામડે પરણાવવી ચૂલો ફૂકવા દેવો નથી. આ કારણે ચંપક શેઠ વેવિશાળ તોડવા માંગે છે.

વિજયચંદ્ર વિલાયત જવા માંગે છે. પૈસાની જરૂર  હોવાથી ચંપક શેઠની મદદ ઇચ્છે છે. મોટા શેઠ મદદ કરવા તૈયાર છે પણ એક શરતે વિલાયત જતા પહેલા સુશીલા સાથે વેવિશાળ થાય તો જ. વિજયચંદ્ર ચંપક શેઠને તાત્કાલિક હા પાડી દેતો નથી, એ જવાબ આપે છે કે મારી એક ધર્મની બહેન છે એ સુશીલાને શિક્ષણ કે કામની બાબતે તપાસી થોડી તાલીમ આપશે પછી આપણે વિચારીએ. એક બાજુ ચંપક શેઠ વિજયચંદ્રનો હકારત્મક જવાબ સાંભળવા માટે તત્પર છે કારણ કે એમણે સુખલાલ સાથેનું વેવિશાળ કોઇપણ ભોગે ફોક કરવું છે. વિજયચંદ્ર ચંપક શેઠના મનમાં વસે  છે, તો બીજી બાજુ સુખલાલ મુંબઇમાં દિવસ રાત મહેનત કરી પોતાના પગભર બની ચંપક શેઠને બતાવવા માંગે છે કે સુશીલાને માટે યોગ્ય લાયક છું. કથાના પ્રારંભે દેખાતા સુખલાલમાં મુંબઇ આવીને વસ્યા પછી ઘણો ખરો સુધારો દેખાય આવે છે.

ચંપક શેઠ સુખલાલ નપુંસક છે એવા ખોટા પ્રમાણપત્રો રજૂ કરી છૂટાછેડા લખાવવા માટે દીપા શેઠને મુંબઇ બોલાવી લે છે. સુશીલા સાથે હવે તમારા કોઇ સબંધો નથી એમ સંભળાવી દે છે. દીપા શેઠ છૂટાછેડાના કાગળો લઇ ગામ પરત ફરતા વિચારે છે કે ઘરમાં પત્ની બિમાર છે આ વાત ક્યા મોઢે કહેવી એ વિચારે એનું મન દુઃખી છે. છૂટાછેડાની વાતની જાણ થતા સુખાલાલ ચંપક શેઠ તરફ ધસી આવે છે. ખોટા પ્રમાણપત્રો વડે છૂટાછેડા થતાં સુખલાલ આવેશમાં આવી જાય છે. અહીં નવલકથામાં વળાંક આવે છે. સત્યનો હંમેશા વિજય થાય છે એ ન્યાયે આ બાજુ પોલીસ વિજયચંદ્રની તપાસ કરતા સુશીલાના ઘરે આવે છે. ચંપક શેઠને ધમકાવે છે અને  પૂછે કે વિજયચંદ્રનું વેવિશાળ તમારી દીકરી સાથે થયું છે. ખુશાલ પોલીસને  જવાબ આપે છે કે ના રે સુશીલાનું વેવિશાળ તો સુખલાલ સાથે થયેલું છે, એમ કહી ચંપક શેઠની બોલતી બંધ કરાવી દે છે. આ બાજુ સુખલાલ ચંપક શેઠ પાસેથી ખોટું તબીબી પ્રમાણપત્ર અને છૂટાછેડાના કાગળો પાછા મેળવે છે. ચંપક શેઠ પાસે હવે સુખલાલને ખોટો સાબિત કરવા માટેનો કોઇ ઉપાય બાકી રહ્યો નથી. ચંપક શેઠને હવે શું કરવું એનો કોઇ રસ્તો જડતો નથી. ભાભુ અને સુશીલાને સવારની ટ્રેનમાં બેસાડી સૌરાષ્ટ્ર જવા રવાના કરે છે.ચંપક શેઠ નાના શેઠને ઘરની જવાબદારી સોંપી મુંબઇ શહેર છોડી દે છે.

ચંપક શેઠના પત્ની સંસ્કારોની જીવંત પ્રતિમા છે. ધર્મ જ એના માટે શ્રેષ્ઠ છે. સુશીલા સુખલાલના વેવિશાળ તૂટતા અટકાવવા માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. ભાભુની વેવિશાળ અંગેની

સમજ કેવી પ્રબળ છે તે એના શબ્દોમાં જોવા મળે છે. "વેવિશાળ કહો કે વિવાહ કહો, એ કાંઇ એક પુરુષ ને એક કન્યા વચ્ચે તો થોડા જ હોય? કન્યા વરે છે અને પરણે છે-સાસરિયાના આખા ઘરને, કુળને, કુળદેવને, ઘરે બાંધેલ ગાયના ખિલ્લાનેય, કન્યાના ભાંડરડાને, કન્યાના સગાવહાલાંને અને કન્યાના માવતરના આંગણાની લીલી લીંબડી-પીપળીનેય...(પૃ.૨૦૨) ચંપક શેઠને ભાભુ સમજાવે છે કે સુશીલાનું મન ન હોય તેવી દિશામાં વાત કરવી યોગ્ય નથી. આ વાત સાંભળતા ચંપક શેઠ ગુસ્સે થાય છે અને ભાભુ પર ચંપલ ફેંકે છે. ભાભુ ભારતીય નારીના સંસ્કારો ધરાવે છે. એ પતિના પગ પાસે એ ચંપલ મૂકી આવે છે. ભાભુના આ સંસ્કારો સુશીલામાં દેખાઇ આવે છે. સુશીલા અને ભાભુ સુખલાલના ઘરે પહોંચે છે. સુશીલા અને ભાભુને જોતાં દીપા શેઠ ગભરાય જાય છે. સુશીલા અને સુખલાલની છૂટાછેડા થાય છે એ વાતથી દીપા શેઠની પત્ની અજાણ છે. સુશીલા સુખલાલની માતાને આશ્વાસન આપે છે કે 'હુ વહુ તો આ ઘરની જ બનીશ.' સુશીલાનું આ વચન સાંભળી સુખલાલની માતા મૃત્યુ પામે છે.

'વેવિશાળ' નવલકથામાં આપણને સુખલાલનો પરિવાર જે ગામડામાં વસે છે તેઓ સિદ્ધાંત, નિષ્ઠા, પ્રામાણિકતા અને આદર્શના મૂલ્ય પર આખુ જીવન છે. આ બાજુ સુશીલાના પરિવારનો સભ્ય ચંપક શેઠ મૂળ સૌરાષ્ટના ગામડાનો વતની છે પરંતુ શહેર આવીને વસે છે. શહેર સંસ્કાર અને શ્રીમંતાઇથી છકીને નિષ્ઠા, પ્રામાણિકતાને નેવે મૂકી દે છે. આ નવલકથામાં પાત્રો, ઘટનાઓ, ભાષા-સંવાદો થકી સમાજનું વાસ્તવિક ચિત્ર ખડુ કર્યું છે.

## સંદર્ભ પુસ્તકો -

('વેવિશાળ', ઝવેરચંદ મેઘાણી , નવભારત સાહિત્ય મંદિર, આવૃતિ :૧-૧૯૩૮,૨-૧૯૪૨,૩-૧૯૪૪)

---

ટંડેલ દિપીકાબેન વી.

મુ.પો.મેંધર, પારસી ફળિયા, તા-ગણદેવી,જિ.નવસારી ,મો-૯૭૨૪૨૨૩૮૧૯.